છોટા ઉદેપુર જીલ્લાની જેતપુર-પાવી
તાલુકા આદિજાતિ વિકાસ સમિતિમાં
બિનસરકારી સભ્યોની નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ટીડીસી-૧૦૨૦૧૬-૨૭૬-પ,
સચિવાલય, ગાંધીનગર
તા:૦૬/૦૭/૨૦૧૭.

વંચાણે લીધા:

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્ર:એનજીપી/૯૯૧૦/૪૪૫/૧૩૯/પ.

(૨) પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુરનો તા.૧૪-૦૩-૨૦૧૭નો પત્ર નં.આવિ/મકમ/૦/૧૧૩/૨૦૧૭.

(૩) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૯/૦૪/'૧૭નો પત્ર ક્ર:અવક/અજન/૩/ફા.નં.૧૫૩/૨૦૧૭/૭૮૨.

ઠરાવ:

આમુખના ક્રમાંક:(૧) આગળ દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૨ના ઠરાવથી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ તાલુકાઓમાં સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીના અધ્યક્ષ સ્થાને તાલુકા આદિજાતિ વિકાસ સમિતિનું માળખું/બંધારણ નક્કી કરવામાં આવેલ છે. જેતપુર-પાવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના અન્ય બિન-સરકારી સભ્યો જેવા કે શૈક્ષણિક/સંશોધન સંસ્થાના તજજ્ઞો, આદિજાતિ ઉત્કર્ષ અંગે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને આદિજાતિ મહિલા આગેવાનોની નિમણૂંકકરવાની રહે છે. જે પરત્વે આમુખ ક્રમાંક:(૨) આગળ દર્શાવેલ પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુરના તા.૧૪/૦૩/૨૦૧૭ના પત્રથી જેતપુર-પાવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના ચાર બિન-સરકારી સભ્યોની નિમણૂંક કરવા ભલામણ કરવામાં આવેલ છે. જે આમુખ ક્રમાંક:(૩) આગળ દર્શાવેલકમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરના તા.૧૯/૦૪/'૧૭ના પત્રથી નિમણૂંક કરવા અંગે ઘટતું કરવા માટે આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. જે અંગે પુખ્ત વિચારણાને અંતે, ઉક્ત બિન-સરકારી સભ્યો પૈકી, યોગ્યતા ધરાવતા સ્વૈચ્છિક સંસ્થાના તથા બે મહિલા અગ્રણીની, આ સાથેના પરિશિષ્ટના કોલમ-૫ માં દર્શાવ્યા મુજબ, છોટાઉદેપુર જીલ્લાના જેતપુર-પાવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના બિનસરકારી સભ્ય તરીકે નિમણૂંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(પાછળના પાને.....)

૨.. આમુખ ક્રમાંકઃ(૧) આગળ દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૨ના ઠરાવનાં પરિશિષ્ટ-૫નાં મુદ્દા નં.૪ માં દર્શાવ્યા પ્રમાણે ઉક્ત સમિતિનાં બિનસરકારી સભ્યનાં હોદ્દાની મુદત મહત્તમ ૪ વર્ષની અથવા સરકાર ઇચ્છે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે તેમજ આ સમિતિએ ઉક્ત ઠરાવથી નિયત કરવામાં આવેલ કામગીરી કરવાની રહેશે. આ સમિતિની બેઠકમાં હાજર રહેનાર બિન સરકારી સભ્યોને સરકારના વખતોવખત સુધારેલા હુકમો અનુસાર મળવાપાત્ર થતાં ભથ્થાં, પ્રાયોજના વહીવટદારશ્રીને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી ચુકવવાના રહેશે.

3. આ હુકમો સરકારશ્રીની તા. ૦૫/૦૭/૨૦૧૭ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઝેડ.એન. સાંગાણી)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

(૧) મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ, શ્રી રાજભવન,ગાંધીનગર.
(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(3) માન. મંત્રી (આદિજાતિ વિકાસ)/માન. રા.ક. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)નાં અંગત મદદનીશ.
(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત રાજ્ય, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૬) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) અગ્ર સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) સંયુક્ત સચિવશ્રી (મહેકમ)/ નાયબ સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) કલેક્ટરશ્રી, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર/જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર.
(૧૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.

(૧૨) નાયબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

(૧૩) પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર.

(૧૪) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૧૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.

(૧૬) જેતપુર-પાવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ, (પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર મારફત)

(૧૭) સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઈટ ઉપર મુકવાની વિનંતીસહ.

(૧૮) તિજોરી અધિકારીશ્રી, છોટાઉદેપુર, જિ. છોટા ઉદેપુર.

(૧૯) સિલેક્ટ ફાઈલ.

તા.        /૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:ટીડીસી-૧૦૨૦૧૬-૨૭૬-પી સાથેનું પરિશિષ્ટ.

## પરિશિષ્ટ

| અનુ. નં. | તાલુકા આદિજાતિ વિકાસ સમિતિનું નામ | સભ્યની કેટેગરી | હાલના સભ્ય | નિયુક્ત કરેલ નવા સભ્ય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ |
| ૧. | જેતપુર-પાવી તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ | આદિજાતિ મહિલા આગેવાન. | --- | (૧) શ્રીમતિ ગંગાબેન કાંતિભાઇ રાઠવા મુ. પો. મોટી આમરોલ, તા. જેતપુર-પાવી. |
| | | આદિજાતિ મહિલા આગેવાન. | --- | (૨) શ્રીમતિ લીલાબેન બાબુભાઇ રાઠવા જેતપુર પાવી |
| | | સ્વૈચ્છિક સંસ્થાના સભ્ય | --- | (3) શ્રી મયુરભાઇ મુકેશભાઇ પટેલ મુઃ કરસણ, તા- જેતપુર પાવી |